# ચૌદમી ગુજરાત વિધાનસભા

## કામકાજ સલાહકાર સમિતિ

## ચૌદમો અહેવાલ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો ચૌદમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક સોમવાર, તા.૭મી માર્ચ, ૨૦૨૨ના રોજ સભાગૃહની બેઠક પૂર્ણ થયાના ૧૦ મિનિટ બાદ અધ્યક્ષશ્રીના સમિતિખંડમાં મળી હતી. સમિતિએ આ બેઠકમાં નીચે મુજબની ભલામણો કરી છે.

**૧.** સભાઓની તારીખવાર યાદી (કામચલાઉ)માં દર્શાવેલ શુક્રવાર, તા.૧૧/૦૩/૨૦૨૨ના રોજની બેઠક રદ કરવી અને બુધવાર તા.૧૬/૦૩/૨૦૨૨ના રોજ સભાગૃહની બે બેઠક રાખવી.

**૨.** ઉક્ત ફેરફારને ધ્યાનમાં લેતાં હવે નીચે જણાવ્યા મુજબ કામકાજ હાથ ધરવામાં આવશે.

- તા.૧૪/૦૩/૨૦૨૨ના રોજ પૂરક વિનિયોગ વિધેયક તથા અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)
- મંગળવાર, તા.૧૫/૦૩/૨૦૨૨ના રોજ પ્રથમ બેઠકમાં અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) અને બીજી બેઠકમાં અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)
- તા.૧૬/૦૩/૨૦૨૨ના રોજ પ્રથમ બેઠકમાં માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) અને બીજી બેઠકમાં માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) તથા બિન–સરકારી સંકલ્પો

**3.** ચાલુ સત્રની શુક્રવાર, તા.૧૧/૦૩/૨૦૨૨ના દિવસની રદ થયેલ બેઠકની તારાંકિત પ્રશ્નોત્તરી બુધવાર, તા.૧૬/૦૩/૨૦૨૨ના રોજ પ્રથમ બેઠકમાં અને બીજી બેઠકમાં બુધવાર, તા.૧૬/૦૩/૨૦૨૨ના દિવસ માટે નિયત થયેલ તારાંકિત પ્રશ્નોત્તરી રાબેતા મુજબ હાથ ધરવી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તારીખઃ ૭મી માર્ચ, ૨૦૨૨**

**ડૉ. નીમાબેન આચાર્ય**
**પ્રમુખ,**
**કામકાજ સલાહકાર સમિતિ**